GJTP050011142025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |
| નિર્ણય તારીખ | ૦૯/૦૭/૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૯ | ૧૫ |

---

**ઉચ્છલના મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉચ્છલ.**

**ક્રિમીનલ કેસ નંબર:- ૮૮૫/૨૦૨૫**

---

| | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક :-** | ૮૮૫/૨૦૨૫ |
| **આંક :-** | **૩૦** |
| **પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક :-** | ૧૧૮૨૪૦૦૬૨૫૦૫૨૦/૨૦૨૫ |
| **પોલીસ સ્ટેશન :-** | ઉચ્છલ પોલીસ સ્ટેશન. |
| **ફરિયાદી :-** | શ્રી સરકાર(રાજ્ય) |
| **ફરિયાદપક્ષે વિ.વ.શ્રી. :-** | વિધ્વાન એ.પી.પી.શ્રી જે.પી.પાલવે. |
| **આરોપી :-** | **પ્રગ્નેશભાઈ મધુભાઈ વળવી,**<br>ઉ.વ.આ.-૨૩, ધંધો-મજુરી,<br>રહે.- ભીંતબુદ્રક પટેલ ફળીયું, તા.ઉચ્છલ, જી.તાપી. |
| **આરોપીપક્ષે વિ.વ.શ્રી. :-** | વિધ્વાન વ.શ્રી. આર.એન.ગામીત |

***-:: ફોર્મ - બી ::-***

| | |
|---|---|
| ગુનાની તારીખ:- | ૨૬/૦૬/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:- | ૨૬/૦૬/૨૦૨૫ |
| આખરી અહેવાલ રજૂ થવાની તારીખ:- | ૨૪/૦૯/૨૦૨૫ |
| પ્લી નોંધ્યાની તારીખ:- | ૦૮/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ:- | ૦૭/૧૧/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૨૨/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ :- | ૦૯/૦૭/૨૦૨૬ |

## *–:: આરોપીની વિગત ::–*

| આરોપી નો અનુક્રમ નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | ગુનાનું તહોમત | શું નિર્દોષ જાહેર કર્યા અથવા દોષિત જાહેર કર્યા | કરેલ સજા | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પ્રગ્નેશભાઈ મધુભાઈ વળવી | ૩૦/૦૭/૨૦૨૫ | ૩૦/૦૭/૨૦૨૫ | બી. એન. એસ. ની કલમ – ૨૮૧ , ૧૨૫(એ), ૩૨૪(૨) તથા એમ.વી. એકટ ની કલમ– ૩, ૧૭૭, ૧૮૧ તથા ૧૮૪ મુજબ. | નિર્દોષ | – | – |

## *–:: ફોર્મ – સી ::–*

**ફરિયાદ/બચાવ/ન્યાયાલયના સાક્ષી**

**અ. <u>ફરિયાદપક્ષ</u>**

| **અનુ ક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| (૧) | રાજેશભાઈ રેવજીભાઈ ગામીત | ૦૭ | ફરીયાદી |
| (૨) | નૈલેશભાઈ જાયુભાઈ ગામીત | ૧૧ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| (૩) | મયુરભાઈ કાંતીલાલભાઈ ગામીત | ૧૩ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| (૪) | સતીષભાઈ જાલમસીંગભાઈ વસાવા | ૧૦ | આરોપીના શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ |
| (૫) | સાલેમભાઈ રેન્જાભાઈ ગામીત | ૦૪ | આરોપીના શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદ |
| (૫) | કમલેશભાઈ શિવાજીભાઈ ગામીત | ૧૪ | સાહેદ |
| (૬) | વિરેન્દ્રભાઈ દિવાનજીભાઈ ગામીત | ૧૫ | સાહેદ |
| (૭) | ધવલભાઈ જીતેન્દ્રભાઈ વળવી | ૧૬ | સાહેદ |
| (૮) | રોહિતભાઈ નવલસીંગભાઈ વળવી | ૧૭ | સાહેદ |
| (૯) | ડો.વિશાલ મગનભાઈ જાલોંધરા | ૧૮ | ડો.સાહેદ |
| (૧૦) | એએસઆઈ વિનંદભાઈ બાબુભાઈ | ૨૩ | પી.એસ.ઓ. |
| (૧૧) | અહેકો સંદિપભાઈ સુરજીભાઈ | ૨૬ | ત.ક.અ. |

**બ. બચાવપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| (૧) | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | -- |

**ક. અદાલત ધ્વારા**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત ધ્વારા તપાસેલ સાહેદ ક્રમાંક:- | અદાલત ધ્વારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી. | -- |

## ફરિયાદ/બચાવ/અદાલત ધ્વારા રજૂ દસ્તાવેજોના આંકની યાદી

**અ. ફરિયાદપક્ષ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| (૧) | ૦૮ | ફરીયાદ, |
| (૨) | ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું, |
| (૩) | ૦૫ | આરોપીનું શરીરસ્થિતિનું પંચનામું, |
| (૪) | ૧૯ | ઈજા પામનારાઓના સર્ટી મેળવવા ડોકટરશ્રીને કરાયેલ યાદી, |
| (૫) | ૨૦ | ઈજા પામનાર રોહીતભાઈ નાઓનું એમ.એલ.સી. સર્ટી, |
| (૬) | ૨૧ | ઈજા પામનાર/આરોપી પ્રગ્નેશભાઈનું એમ.એલ.સી. સર્ટી, |
| (૭) | ૨૨ | ઈજા પામનાર ધવલભાઈનું એમ.એલ.સી. સર્ટી, |
| (૮) | ૨૪ | સુચિપત્રક, |
| (૯) | ૨૫ | એફ.આઈ.આર.ની સ્થળપ્રત, |
| (૧૦) | ૨૭ | એમ.વી.એકટની કલમ-૩, ૧૮૧ નો એફ.આઈ.આર.માં કલમ ઉમેરાનો રીપોર્ટ તથા તેના હેઠળનો હુકમ. |

**બ. બચાવપક્ષ**

| અનુક્રમ | નામ | વર્ણન |
|---|---|---|
| (૧) | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | -- |

**ક. અદાલત ધ્વારા**

| અનુક્રમ | નામ | વર્ણન |
|---|---|---|
| અદાલત ધ્વારા તપાસેલ સાહેદ ક્રમાંક:– | અદાલત ધ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | –– |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | ભૌતિક પદાર્થની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ગુન્હો:– ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૨) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબ.**

..........................................................................................................

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.પી.પાલવે

આરોપી તરફે વિ.વ.શ્રી આર.એન.ગામીત

..........................................................................................................

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાનાં પ્રકરણ – ૨૯ ની કલમ – ૩૯૨ અને ૩૯૩ તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા નં. ૧૭૨ મુજબ.**

## –:: ચુ કા દો ::–

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત:–**

હાલના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૨) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા:૨૬/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે મોજે ઉચ્છલ ત્રણ રસ્તા પાસે ઉચ્છલ–નિઝર સ્ટેટ હાઈવે નં.૮૦ ઉપર આરોપીએ પોતાના કબજાની બજાજ કંપનીની પલ્સર મો.સા. રજી. નં. જીજે.૨૬.એએચ.૫૮૩૭ ની વગર લાઈસન્સે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની બાજુમાં પાર્ક કરેલ અર્ટીંગા ફોર વ્હીલ ગાડી નં.જીજે.૨૬.એન.૬૯૧૨ ને પાછળથી જોરથી અથડાવી દેતા

પોતાને માથાના ભાગે તથા જમણા ગાલ ઉપર તેમજ જમણા ખભા પાસે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા મો.સા. ઉપર બેસેલ સાહેદ રોહિતભાઈ નવલસીંગભાઈ વળવી નાઓને માથાના ભાગે તેમજ બંને હાથની હથેળી પાસે તેમજ ડાબા હાથના અંગુઠા પાસે તેમજ હાથના કાંડા પાસે ઈજાઓ પહોંચાડી તથા સાહેદ ધવલભાઈ જીતેન્દ્રભાઈ વળવી નાઓને પણ માથાના ભાગે કપાળના ભાગે તથા દાઢીના ભાગે તથા શરીરે વતીઓછી ઈજાઓ પહોંચાડી તેમજ ફરીયાદીની અર્ટીગા ફોર વ્હીલ ગાડી નં. જીજે.૨૬.એન.૬૯૧૨ ને નુકશાન પહોંચાડી ગુનો આચરેલ. સદર ગુના અંગેની ફરિયાદ ફરિયાદીએ જાહેર કરતા, પોલીસ દવારા ગુનો નોંધાયેલ. ત્યારબાદ ફરીયાદના આધારે ત.ક. અમલદારે તપાસ કરી આરોપી સામે પુરતા પુરાવા હોવાનું જણાતાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૨) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબનું ચાર્જશીટ દાખલ કરતાં તેને ફોજદારી કામ નંબર – ૮૮૫/૨૦૨૫ તરીકે નોંધવામાં આવેલ છે.

**(૨) અદાલતે અનુસરેલી કાર્યવાહી:–**

પોલીસે કરેલા ચાર્જશીટના અનુસંધાને કોર્ટ દવારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૧૦(૧)(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરેલ. જે તેમને બજતાં તેઓ અદાલતમાં હાજર થયેલા છે અને આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની ની કલમ – ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી સામેનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨(એકસ) મુજબ સમન્સ ટ્રાયેબલ કેસ છે. આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાના પ્રકરણ – ૨૧ માં જણાવ્યા મુજબની કાર્યવાહી અદાલત દવારા કરવામાં આવેલ છે.

**(૨.૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૪:–**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ ની જોગવાઈ ધ્યાને રાખી, આરોપી સામે આંક – ૦૩ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર

કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૭ ની જોગવાઈ ધ્યાન સમક્ષ રાખી કામ ફરીયાદપક્ષનો કેસ રજુ કરવા માટે તારીખ મુકરર કરવામાં આવેલ છે.

**(૩) ફરીયાદપક્ષ તરફથી રજુ કરાયેલ મૌખિક તથા લેખિત પુરાવાઓ:–**

ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા સદર જજમેન્ટના ઉપરોકત ભાગમાં જણાવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી મારફતે પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામે નીકળી આવતા સંજોગોનો ઈન્કાર કરી ફરિયાદપક્ષે તેઓ સામે ખોટો કેસ કરેલનું જણાવેલ છે. આરોપીએ તેમના આ કથનના સમર્થનમાં બચાવપક્ષના સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તેમજ મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એ.કે.શાહની દલીલો સાંભળવામાં આવેલ. જેમાં મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એ.કે.શાહ નાઓએ ફરીયાદ હકીકતોના અનુસંધાને ફરીયાદપક્ષના તમામ સાહેદોની જુબાની પ્રત્યે કોર્ટનું ધ્યાન દોરી ફરીયાદપક્ષે તેમનો ફરીયાદ મુજબનો કેસ પુરવાર કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે બનાવ આરોપીની ભુલના કારણે બનેલ છે. આરોપીપક્ષ તરફથી કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. આરોપીએ ફરીયાદીને રૂ.૮૫,૦૦૦/– જેટલું આર્થિક નુકશાન કરેલ છે અને ફરીયાદના સમયે ફરીયાદી પાસે નુકશાનીના બીલો ઉપલબ્ધ ન હોવાથી રજુ કરી શકેલ નહિં. આમ, ફરીયાદપક્ષના તમામ સાહેદોની જુબાની પ્રત્યે ધ્યાન દોરી આરોપીની બનાવમાં બેદરકારી હોવાથી આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવા દલીલ કરેલ છે.

**(૫.૧)** જયારે આરોપીપક્ષ તરફથી આંક–૨૯ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે. પરંતુ, તેને પુનરાવર્તન ટાળવાના હેતુસર રીપ્રોડયુસ કરવામાં આવેલ નથી. આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**(૬)** આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા:૨૬/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે મોજે ઉચ્છલ ત્રણ રસ્તા પાસે ઉચ્છલ–નિઝર સ્ટેટ હાઈવે નં.૮૦ ઉપર આરોપીએ પોતાના કબજાની બજાજ કંપનીની પલ્સર મો.સા. રજી. નં. જીજે.૨૬. એએચ.૫૮૩૭ ની વગર લાઈસન્સે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની બાજુમાં પાર્ક કરેલ અર્ટીગા ફોર વ્હીલ ગાડી નં. જીજે.૨૬. એન.૬૯૧૨ ને પાછળથી જોરથી અથડાવી દેતા પોતાને માથાના ભાગે તથા જમણા ગાલ ઉપર તેમજ જમણા ખભા પાસે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા મો.સા. ઉપર બેસેલ સાહેદ રોહિતભાઈ નવલસીંગભાઈ વળવી નાઓને માથાના ભાગે તેમજ બંને હાથની હથેળી પાસે તેમજ ડાબા હાથના અંગુઠા પાસે તેમજ હાથના કાંડા પાસે ઈજાઓ પહોંચાડી તથા સાહેદ ધવલભાઈ જીતેન્દ્રભાઈ વળવી નાઓને પણ માથાના ભાગે કપાળના ભાગે તથા દાઢીના ભાગે તથા શરીરે વતીઓછી ઈજાઓ પહોંચાડી તેમજ ફરીયાદીની અર્ટીગા ફોર વ્હીલ ગાડી નં. જીજે.૨૬.એન. ૬૯૧૨ ને નુકશાન પહોંચાડી ભારતીય ન્યાય સંહિતાની કલમ –૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૨) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

<u>(૭)</u> ઉપરોકત મુદ્દાઓ પરત્વેના હવે પછી તુરંત ચર્ચા કર્યાનાં આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## <u>// નિર્ણય અંગેના કારણો //</u>

- **<u>મુદા નં.૧, ૨ :–</u>**

<u>(૮)</u> ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. એટલું જ નહિં, ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાના રહે છે જેથી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ થી ૧૦૭ મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવાનો રહે છે અને તે પણ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે.

<u>(૮.૧)</u> આ કામે ફરીયાદપક્ષ દવારા આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૨) તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય જેથી સદર કલમના આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી હોય જે નીચે મુજબ છે.

- ***<u>ઈ.પી.કો. કલમ – ૨૭૯ (ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧) : જાહેર માર્ગ પર બેફામપણે હંકારવું કે સવારી કરવી :–</u>***

*(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી,*

*(૨) બેફામપણે અથવા બેદરકારીપુર્વક આવું વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી,*

*(૩) જે કારણે બહુજનસમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.*

- ***<u>ઈ.પી.કો. કલમ – ૩૩૭ (ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૨૫(એ)) : અન્યની જિંદગી અથવા શારીરીક સલામતી ભયમાં મુકે તેવા કૃત્યથી વ્યથા પહોંચાડવી :–</u>***

*(૧) આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપુર્વક કોઈ કૃત્ય કર્યુ,*

*(૨) તેવા કૃત્યના કારણે માનવજિંદગી અથવા અન્યની શારીરીક સલામતી ભયમાં મુકાઈ,*

*(૩) તેવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને વ્યથા નિપજી.*

- *<u>ઈ.પી.કો. કલમ – ૪૨૬ (ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૨૪(૨)) : બગાડ માટે સજા :–</u>*

*(૧) આરોપીએ કોઈ મિલ્કતનો નાશ કર્યો, અથવા*

*(૨) આરોપીએ તેવી મિલ્કત કે તેની સ્થિતિમાં એવો ફેરફાર કર્યો કે જે કારણે તેની કિંમત અથવા ઉપયોગિતામાં ઘટાડો થયો,*

*(૩) આવા કૃત્યના કારણે મિલ્કતને નુકશાન થયું,*

*(૪) આવું કૃત્ય કરવા સમયે આરોપીનો ઈરાદો તેવી મિલ્કતને સદોષ હાનિ પહોંચાડવાનો અથવા કોઈ વ્યકિતને કે બહુજન સમુદાયને હાનિ પહોંચાડવાનો હતો અથવા તેથી તેવું નુકશાન થશે તેવું માનવા માટે આરોપીને કારણ હતું.*

<u>(૮.૨)</u> વધુમાં, આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **<u>State Of Gujarat Versus Maltiben Valjibhai Shah</u> reported in <u>1992 (0) AIJEL-HC 212173</u>** ના કામે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

*"5. <u>A rash act is primarily an overhasty act, and is thus opposed to a deliberate act, but it also includes an act which, though it may be said to be deliberate, is yet done without due care and caution.</u> Illegal omission is act under this section and may constitute an offence if it is negligent. Criminal rashness is hazarding a dangerous or wanton act with the knowledge that it is so, and that it may cause injury, but without intention to cause injury, or knowledge that it will probably be caused. <u>The criminality lies in running the risk of doing such an act with recklessness or indifference as to the consequences. Criminal negligence is the gross and culpable neglect or failure to exercise that reasonable and proper care and precaution to guard against injury either to the public generally or to an individual in particular, which having regard to all the circumstances out of which the charge has arisen, it was the imperative duty of the accused person to have adopted.</u> <u>Negligence is the omission to do something which a reasonable man, guided upon those considerations which ordinarily regulate the conduct of human affairs, would do, or doing something which a prudent and reasonable man would not do.</u> <u>Culpable rashness is acting with the consciousness that the mischievous and illegal consequences may follow, but with the hope that they will not, and often with the belief that the actor has taken sufficient precautions to prevent their happening.</u> <u>Culpable negligence is acting without the consciousness that the illegal and mischievous effect will follow, but in circumstances which show that the actor has not exercised the caution incumbent upon him, and that if he had he would have had the consciousness.</u> It is clear, however, that if the words not amounting to culpable*

*homicide are a part of the definition, the offence defined by this section consists of the rash or negligent act not falling under that category, as much as of its fulfilling the positive requirement of being the cause of death. In order to amount to Criminal rashness or Criminal negligence one must find that the rashness has been of such a degree as to amount to taking hazard knowing that the hazard was of such a degree that injury was most likely to be occasioned thereby. The Criminality lies in running the risk or doing such an act with recklessness and indifference to the consequences."*

(૮.3) *Furthrmore, Hon'ble Orissa High Court in the case of Badri Prasad Tiwari V/s State reported in 1993 (0) AIJEL-OR 1500124 held as under:*

*"5. Sec. 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Sec. 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Sec. 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness or error of judgment.*

*The essential ingredients of Sec. 279 are :*

*(i) Rash and negligent driving or riding on a public way.*

*(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.*

**(૮.૪)** ઉપરોકત ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરાયેલ છે કે, મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું અનિવાર્ય છે કે, આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર ઉપર ફોજદારી બેદરકારીભર્યા ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યા કે બેદરકારીભર્યા ડ્રાઈવીંગ બદલ દોષિત ઠેરવી શકાય નહીં.

## **–:: રેકર્ડ ઉપરના પુરાવાનું મુલ્યાંકન ::–**

## **(૯) ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ અંગે ચર્ચા ::–**

**(૯.૧)** આ કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧, ૧૨૫(એ)ના આવશ્યક તત્વો ઉપરોકત વિગતે જણાવ્યા મુજબ તેમજ બદ્રી પ્રસાદ તિવારી (સુપ્રા) ના જજમેન્ટમાં ચર્ચા કર્યા મુજબ, ફરીયાદપક્ષે સૌપ્રથમ એમ પુરવાર કરવું અનિવાર્ય છે કે, આરોપી બનાવ સમયે અકસ્માતવાળા વાહનનું ડ્રાઈવીંગ કરતો હતા અને તે ડ્રાઈવીંગ જાહેર રોડ ઉપર કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો અને આરોપીના આવા કૃત્યના કારણે કોઈ વ્યકિતને વ્યથા થયેલ છે.

**(૯.૨)** આ કામે આંક–૦૮ વાળી ફરીયાદમાં બનાવ સમયે ફરીયાદી દુકાનની અંદર હતા અને અવાજ આવતા બહાર આવેલ તો મોટર સાયકલ ઉપર બેસેલ ત્રણ વ્યકિતઓ નીચે પડેલ હતા જેથી બજાજ કંપનીની પલ્સર મોટર સાયકલ નં. જીજે.૨૬.એ.એચ.૫૮૩૭ કોણ ચલાવતું હતું તે હકીકત ફરીયાદીને ખબર ન હોવાનું જણાવેલ છે. તેમજ ફરીયાદ આપતા સમયે ફરીયાદીના સાળા કમલેશભાઈ શિવાજીભાઈ ગામીત પણ સાથે હતા જેથી આ સાહેદને પણ મો.સા. કોણ ચલાવતું હતું તેની ખબર હોઈ શકે નહિં. આ

કામે ફરીયાદીને આંક–૦૯ થી તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, હું જયારે બહાર આવેલો ત્યારે ત્રણેય જણા નીચે પડેલા હોવાથી બાઈક કોણ ચલાવતું હતું તે મે જોયેલ નથી. ... એ વાત ખરી છે કે, મને ધવલભાઈ, પ્રગ્નેશભાઈ તથા રોહીતભાઈના નામો બનાવ સમયે નહિં પરંતુ પાછળથી જાણવા મળેલા. સાહેદ જણાવે છે કે, પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે ખબર પડેલી.* '' તેમજ સાહેદ કમલેશભાઈ શિવાજીભાઈ ગામીત નાઓએ આંક–૧૪ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે હું બજારમાં હતો. એ વાત ખરી છે કે, મે કહેવાતો બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મે આરોપીને મો.સા. ચલાવતા નજરે જોયેલ હોય તેવું બનેલ નથી.* '' તેમજ સાહેદ વિરેન્દ્રભાઈ દિવાનજીભાઈ ગામીત નાઓએ આંક–૧૫ ની જુબાનીમાં જણાવેલ છે કે, '' *સદર મો.સા. કોણ ચલાવતું હતું તે હું કહી શકું નહિં કારણ કે, હું જયારે બહાર ગયો ત્યારે ત્રણ ઈસમો નીચે પડેલા હતા.* '' ત્યારબાદ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, કહેવાતા બનાવના સમયે હું મારી દુકાનમાં હોવાથી મે કહેવાતા અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, હું કહેવાતા બનાવ સમયે અવાજ સાંભળીને બહાર ગયેલ હતો જેથી કહેવાતા બનાવ સમયે મો.સા. કોણ ચલાવતું હતું તેની મને ખબર નથી.* '' આમ, ઉપરોકત તમામ સાહેદોએ આરોપીને બનાવ સમયે બાઈક ચલાવતા જોયેલ ન હોવાથી આ સાહેદોની જુબાનીથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થતી નથી.

**(૯.૩)** આ કામે બનાવ સમયે બાઈક ઉપર ત્રણ ઈસમો હાજર હતા. જેમાંથી પ્રગ્નેશભાઈ નાઓ આરોપી છે. જેથી બીજા બે ઈસમો ધવલભાઈ જીતેન્દ્રભાઈ વળવી નાઓની આંક–૧૬ વાળી જુબાની તથા રોહિતભાઈ નવલસીંગ વળવી નાઓની આંક–૧૭ વાળી જુબાનીનું વિશ્લેષણ કરવું જરૂરી છે.

**(૯.૩.૧)** સૌપ્રથમ સાહેદ ધવલભાઈ જીતેન્દ્રભાઈ વળવી નાઓએ આંક–૧૬ ની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, '' *... અકસ્માત કેવી રીતે થયો તે હું કહી શકું નહિં તેમજ અકસ્માત કયાં–કયાં વાહનો વચ્ચે થયેલો તેની પણ મને ખબર નથી. આ અકસ્માતમાં શું બનેલું હતું તે પણ હું કહી શકું નહિં. ... આ બનાવમાં મારી સાથે અન્ય કોઈ વ્યકિત હતું કે કેમ તેની પણ મને ખબર નથી.* '' ત્યારબાદ સાહેદને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ એપીપીશ્રી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, સદર બનાવ સમયે મારો મિત્ર પ્રગ્નેશભાઈ નાઓ મો.સા. ચલાવતો હતો.* '' પરંતુ, આ સાહેદે આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, બનાવ સમયે હું નીચે પડી ગયેલ હોવાથી મો.સા. કોણ ચલાવતું હતું તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે મો.સા. પ્રગ્નેશભાઈ ચલાવતા હતા કે કેમ તે હું ચોકકસપણે કહી શકું નહિં. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે અંધારૂ થઈ ગયેલ હતું.* '' આમ, સદર સાહેદે એપીપીશ્રી તરફે કરાયેલ ઉલટ તપાસમાં બનાવ સમયે આરોપી મો.સા. ચલાવતા હોવાની હકીકત કબુલ રાખેલ છે પરંતુ, એનાથી વિરૂધ્ધની હકીકત ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ નીચે પડી ગયેલ હોવાથી મો.સા. કોણ ચલાવતું હતું તેની તેઓને ખબર નથી અને બનાવ સમયે આરોપી મો.સા. ચલાવતા હતા કે કેમ તે હકીકત તેઓ ચોકકસપણે કહી શકે નહિં. આમ, સદર સાહેદની જુબાનીથી આરોપી મો.સા. ચલાવતા હતા અને નહોતા ચલાવતા તેવા બે વ્યુ રેકર્ડ ઉપર આવે છે.

**(૯.૩.૨)** ત્યારબાદ બાઈકમાં હાજર સાહેદ રોહિતભાઈ નવલસીંગ વળવી નાઓએ આંક–૧૭ ની જુબાનીમાં જણાવેલ છે કે, '' *જે અકસ્માત સમયે અમો ઉચ્છલ પેટ્રોલ પંપ પાસેથી પેટ્રોલ ભરાવી અમારા ઘરે જવા નીકળેલ હતા તે સમયે અમારો મિત્ર પ્રગ્નેશભાઈ મધુભાઈનાઓ પલ્સર ગાડી રજી. નં.૫૮૩૭ જેનો પુરો નંબર યાદ નથી તે ચલાવતો હતો.* '' જયારે આ સાહેદ ઉલટ તપાસમાં જણાવે છે કે, '' *એ વાત ખરી છે કે, બનાવ કેવી રીતે બનેલો તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે પલ્સર ગાડી પ્રગ્નેશભાઈ ચલાવતા હતા*

*કે કેમ તેની મને ખબર નથી. ... એ વાત ખરી છે કે, પ્રગ્નેશભાઈ કોણ છે તેને હું ઓળખતો નથી.* '' આમ, આ સાહેદે પણ સરતપાસમાં આરોપી બનાવ સમયે મો.સા. ચલાવતા હતા હોવાનું જણાવેલ છે પરંતુ, એનાથી વિરૂધ્ધની હકીકત ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે પલ્સર ગાડી પ્રગ્નેશભાઈ ચલાવતા હતા કે કેમ તેની તેઓને ખબર નથી. એટલું જ નહિં, પ્રગ્નેશભાઈ કોણ છે તેને તેઓ ઓળખતા નથી. આમ, સદર સાહેદની જુબાનીથી પણ આરોપી મો.સા. ચલાવતા હતા અને નહોતા ચલાવતા તેવા બે વ્યુ રેકર્ડ ઉપર આવે છે.

(૯.૩.૩) આમ, ઉપરોકત બંને સાહેદો જે બાઈક ઉપર હાજર હતા તેઓની જુબાનીથી આરોપી મો.સા. ચલાવતા હતા અને નહોતા ચલાવતા તેવા બે વ્યુ રેકર્ડ ઉપર આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***Kali Ram Versus State Of Himachal Pradesh reported in 1973 (0) AIJEL-SC 13703*** ના કેસના કામે ઠરાવેલ છે જયારે રેકર્ડ ઉપર બે વ્યુ આવેલા હોય ત્યારે જે વ્યુ આરોપીની તરફેણનો હોય તેને કોર્ટ દવારા ધ્યાને લેવો જોઈએ.

> ***PARA-25. Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted.***
>
> ***PARA-26. It needs all the same to be re-emphasised that if a reasonable doubt arises regarding the guilt of the accused, the benefit of that cannot be withheld from the accused.***

આમ, ઉપરોકત જજમેન્ટમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખી કેસની હકીકત જોવામાં આવે તો, આ કામે બનાવ સમયે આરોપી મો.સા. ચલાવતા હતા અને નહોતા ચલાવતા તેવા બે વ્યુ રેકર્ડ ઉપર આવે હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણનો વ્યુ ધ્યાને લેવાનો રહે છે. જે આરોપીની તરફેણના વ્યુ મુજબ, તેઓ બનાવ સમયે મો.સા. ચલાવતા ન હતા. આમ, ઉપરોકત તમામ ચર્ચાના અનુસંધાને, આ કામે ફરીયાદપક્ષ આરોપી જ બનાવ સમયે મો.સા. ચલાવતા હતા તે હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૧૦)** એટલું જ નહિં, આરોપી બનાવ સમયે આ પલ્સર મો.સા. માનવ જીંદગી જોખમાય તે રીતે ગફલતભરી રીતે કે બેદરકારીથી ચલાવતા હોય તેવું પણ કોઈ સાહેદોએ પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જેથી આવા કેસોમાં ફકત આરોપીની ઓળખ જ નહિં પરંતુ તે જે વાહન ચલાવે છે તે માનવ જીંદગી જોખમાય તે રીતે ગફલતભરી રીતે કે બેદરકારીથી ચલાવતા હોય તેવું ફરીયાદપક્ષે પુરવાર કરવું પડે જે હાલના કેસમાં કરાયેલ નથી. આ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ***Tejrav Uttamrav Ranit Versus State Of Gujarat* reported in *2024 (0) AIJEL-HC 247871*** ના કેસના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> **PARA- 17:** ***...... It is an admitted fact that the motor vehicle turned turtle on the turning of the road. But no one have deposed that the accused was driving the car rashly and negligently knowing fully well the hazards of his riding that it will endanger the life of a person or his wanton act would cause death of someone.***
>
> **PARA- 18:** ***None of the eye witnesses or the occupants of the motor vehicle deposed criminal rashness, which is equal to hazarding a dangerous or wanton act with the knowledge that it is so, and that it may cause injury, but without intention to cause injury, or knowledge that it will probably be caused. It must be***

***pointed out that rashness and negligence are not the same things., but to some extent, they are in diametric axis. Mere negligence cannot be construed to mean rashness. There are degrees of negligence and rashness and in order to amount to criminal rashness or criminal negligence one must find that the rashness has been of such a degree as to amount to taking hazard knowing that the hazard was of such a degree that injury was most likely to be occasioned thereby. Criminal negligence is gross and culpable neglect, that is to say, a failure to exercise that care and failure to take that precaution which, having regard to the circumstances, it was the imperative duty of the individual to take. Culpable rashness is acting with consciousness that mischievous consequences are likely to follow although the individual hopes, even though he hopes sincerely, that such consequences may not follow.***

**(૧૦.૧)** એટલું જ નહિં, મોટર એકસીડેન્ટના કેસોમાં ફકત બેદરકારી તથા ગફલતભરી રીતે વાહન ચલાવવું એ જ પુરવાર કરવાનું હોતું નથી પરંતુ ફરીયાદપક્ષે ક્રિમીનલ રેશનેસ તથા ક્રિમીનલ નેગલીજન્સી સાબિત કરવી પડે. પરંતુ, હાલના કેસમાં આવા કોઈ તત્વો ફરીયાદપક્ષ પોતાના પુરાવા થકી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જે સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ***Bharatsinh Somabhai Baman Versus State Of Gujarat* reported in *2023 (0) AIJEL-HC 247609*** ના કેસના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

***[7.5] As discussed herein above, it becomes crystal clear that the conviction under Section 304-A read with Section 279 of the IPC cannot be founded merely on the doctrine of res ipsa loquitur. Under Section 279 of the IPC, the rashness or negligence must be what may fairly can be described as a criminal rashness or criminal***

***<u>negligence. As accused can be convicted of the offence under Section 279 of the IPC, there must be more than some error of judgment or mere carelessness on the part of accused to render a person liable for criminal negligence.</u>***

**<u>(૧૧)</u>** તેમજ ત.ક.અ. સંદિપભાઈ સુરજીભાઈ નાઓએ આંક−૨૬ ની જુબાનીમાં આરોપી સામેના પુરાવા અંગે જણાવેલ છે કે, ''*ત્યારબાદ મારી તપાસ દરમ્યાન મો.સા. પર સવાર ત્રણેય ઈસમોના નિવેદનો લેતાં, સદર મો.સા. પ્રગ્નેશભાઈ વળવીનાઓ ચલાવતા હોવાની હકીકત સાથેના બે સાહેદો જણાવતા હોય જેથી તેઓના વિગતવારના નિવેદન નોંધી લઈ તપાસમાં સામેલ રાખેલ.* '' આમ, ત.ક.અ. નાઓએ બાઈક ઉપર સવાર ત્રણેય ઈસમોના નિવેદનો લીધેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, સાહેદ ધવલભાઈ જીતેન્દ્રભાઈ વળવી નાઓએ આંક−૧૬ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, બનાવ બાબતે પોલીસે મારુ કોઈ નિવેદન લીધેલ નથી.* '' તેમજ સાહેદ રોહિતભાઈ નવલસીંગ વળવી નાઓએ આંક−૧૭ ની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, બનાવ બાબતે પોલીસે મારુ કોઈ નિવેદન લીધેલ નથી.* '' જેથી આ બંને સાહેદો તેઓનું પોલીસે કોઈ નિવેદન લીધેલ ન હોવાનું જણાવે છે. તેમજ આરોપીએ પણ જો પોલીસ સમક્ષના નિવેદનમાં ગુનાની કબુલાત કરેલ હોય તો પણ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ− ૨૩(૧) તથા ૨૩(૨) (ભારતીય પુરાવા અધિનિયમની કલમ−૨૫, ૨૬) મુજબ, આરોપીએ પોલીસ સમક્ષ કરેલ ગુનાની કબુલાતને આરોપીની સામે પુરવાર કરી શકાય નહિં. વધુમાં, ત.ક.અ. નાઓની જુબાનીના વિશ્લેષણ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતે ***<u>Renuka Prasad Versus State Represented By Assistant Superintendent Of Police</u>*** ***reported in <u>2025 (0) AIJEL-SC 75297</u>*** ના કેસમાં નીચે મુજબ ઠરાવેલ છે.

***<u>PARA-26.</u> The statements made by the IOs regarding the motive, conspiracy and preparation comes out as the prosecution story, as discernible from the Section***

> ***161 statements of various witnesses who were questioned by the police during investigation; which statements are wholly inadmissible under Section 162 of the Cr.P.C. Merely because the IOs spoke of such statements having been made by the witnesses during investigation, does not give them any credibility, enabling acceptance, unless the witnesses themselves spoke of such motive or acts of commission or omission or instances from which conspiracy could be inferred as also the preparation, established beyond reasonable doubt. We are unable to find either the motive, the conspiracy or the preparation or even the crime itself to have been established in Court, at the trial through the witnesses examined before Court. The witnesses had turned hostile, for reasons best known to themselves. The only inference possible, on the witnesses turning hostile is that either they have been persuaded for reasons unknown or coerced into resiling from the statements made under Section 161 or that they had not made such statements before police officers. Merely because the story came out of the mouth of the IO, it cannot be believed and a legal sanctity given to it, higher than that provided to Section 161 statements under Section 162 of the Cr.P.C.***

**(૧૧.૧)** આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ, ત.ક.અ. નાઓ દવારા તપાસના કામે લીધેલ નિવેદનોના આધારે જુબાની આપવામાં આવતી હોય છે. પરંતુ, ટ્રાયલ દરમ્યાન જો આ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેવા સંજોગોમાં ફકત ત.ક.અ. નાઓની જુબાની ઉપર આધાર રાખી શકાય નહિં. હાલના કેસમાં પણ ત.ક.અ. નાઓએ પોતાની જુબાનીમાં બાઈક ઉપર સવાર ઈસમોના નિવેદનો નોંધવાથી આરોપી બાઈક ચલાવતા હોવાનું

જણાવેલ છે પરંતુ, આરોપી સિવાયના સાહેદોની જુબાનીથી આ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી તેમજ તે બંને સાહેદો પોલીસે તેમનું કોઈ નિવેદન જ લીધેલ ન હોવાનું જણાવે છે. જેથી ત.ક.અ. નાઓની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિં.

**(૧૧.૨)** આમ, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાથી આરોપી જ બનાવ સમયે મો.સા. માનવ જીંદગી જોખમાય તે રીતે ક્રિમીનલ રેશનેસ તથા ક્રિમીનલ નેગલીજન્સીથી ચલાવતા હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી આરોપી સામેનો ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

## (૧૨) ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૪(૨) અંગે ચર્ચા :–

**(૧૨.૧)** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૪(૨) ના આવશ્યક તત્વોમાં *(૧) આરોપીએ કોઈ મિલ્કતનો નાશ કર્યો, અથવા (૨) આરોપીએ તેવી મિલ્કત કે તેની સ્થિતિમાં એવો ફેરફાર કર્યો કે જે કારણે તેની કિંમત અથવા ઉપયોગિતામાં ઘટાડો થયો, (૩) આવા કૃત્યના કારણે મિલ્કતને નુકશાન થયું, (૪) આવું કૃત્ય કરવા સમયે આરોપીનો ઈરાદો તેવી મિલ્કતને સદોષ હાનિ પહોંચાડવાનો અથવા કોઈ વ્યકિતને કે બહુજન સમુદાયને હાનિ પહોંચાડવાનો હતો અથવા તેથી તેવું નુકશાન થશે તેવું માનવા માટે આરોપીને કારણ હતું. વિગેરેનો સમાવેશ થાય છે.*

**(૧૨.૨)** સદર કલમ અંગેનો રેકર્ડ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, સૌપ્રથમ આ કામે ફરીયાદપક્ષ આરોપીની ઓળખ પુરવાર કરી શકેલ ન હોય જેથી બનાવ સમયે આરોપી મો.સા. ચલાવતા હતા તેવું નિ:શંકપણે પુરવાર થયેલ નથી. વધુમાં, આ કામે ફરીયાદપક્ષનો રેકર્ડ ઉપરનો તમામ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આરોપીને કહેવાતો અકસ્માત કરી ફરીયાદીને હાનિ પહોંચાડવાનો પહેલેથી બદઈરાદો હતો તેવું પુરવાર થતું નથી. તેમજ આરોપીના

આવા કૃત્યથી તેઓ ફરીયાદીને હાનિ પહોંચાડવાનો હતો અથવા તેથી તેવું નુકશાન થશે તેવું માનવા માટે આરોપીને કારણ હતું તેવું પણ પુરવાર થતું નથી. આમ, આરોપીની ઓળખ તથા બદઈરાદો જે કલમના મહત્વના તત્વો છે તે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**(૧૨.૩)** વધુમાં, ફરીયાદીએ પોતાની જુબાનીમાં તેઓની ફોર વ્હીલ ગાડીને રૂા.૮૧,૦૦૦/– નું નુકશાન થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી છે કે, મારી ગાડીને અંદાજીત રૂા.૮૧,૦૦૦/– નું નુકશાન થયેલું તે રકમ મારી ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે, મારી ગાડીને નુકશાન થયેલું તે હકીકત જણાવેલ છે.* '' પરંતુ, આ નુકશાનીની રકમનો કોઈપણ દસ્તાવેજી આધાર પુરાવો ત.ક.અ. નાઓએ તપાસ દરમ્યાન કબજે કરેલ નથી કે ફરીયાદપક્ષે પુરાવા દરમ્યાન રજુ કરેલ નથી. ફરીયાદીના વિ.વ.શ્રી તરફથી દલીલમાં ફરીયાદના સમયે ફરીયાદી પાસે નુકશાનીના બીલો ઉપલબ્ધ ન હોવાથી રજુ કરી શકેલ નહિં હોવાનું જણાવેલ છે. પરંતુ, ત્યારપછી પણ ફરીયાદી દવારા જુબાનીના સમયે આવા કોઈ બીલો રજુ કરવામાં આવેલ નથી. એટલું જ નહિં, આ નુકશાની સંદર્ભે ત.ક.અ. નાઓએ કોઈ એકસપર્ટને બોલાવી આવી નુકશાનીની કિંમત નકકી તેનો રીપોર્ટ ચાર્જશીટમાં સામેલ રાખેલ હોય તેવું પણ બનેલ નથી. આમ, ગાડીની નુકશાનીની કિંમત અંદાજીત રીતે નકકી કરાયેલ હોવાનું માની શકાય તેમ છે અને તેના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરાયેલ નથી તેમજ એકસપર્ટ મારફતે ખરાઈ કરી કોઈ કિંમત નકકી કરાયેલ નથી. આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતાં, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૪(૨) મુજબનું તહોમત પણ પુરવાર થતું નથી.

**(૧૩)** આમ, ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાથી આરોપી જ બનાવ સમયે વાહન માનવ જીંદગી જોખમાય તે રીતે ક્રિમીનલ રેશનેસ તથા ક્રિમીનલ નેગલીજન્સીથી ચલાવતા હોય અને અકસ્માતના કારણે ફરીયાદીની ફોરવ્હીલ ગાડીને નુકશાન થયેલ હોય તેવું ફરીયાદપક્ષ

નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી અને મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૭૮(૧) અન્વયે આરોપી પ્રગ્નેશભાઈ મધુભાઈ વળવી નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૩૨૪(૨) તથા એમ.વી.એકટની કલમ–૩, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધી રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુ. ઉચ્છલ
તા:૦૯/૦૭/૨૦૨૬

(ધાર્મિક અશોકભાઈ ગોહેલ)
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ઉચ્છલ, જી.તાપી.
કોડ નં.જી.જે.૦૧૭૧૪